# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમ અંતર્ગત માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં યોજાયેલ

## કૃષિમેળો અને પશુ આરોગ્ય મેળો

**તારીખ :** ૨૬/૦૪/૨૦૧૫ અને તા.૨૭/૦૪/૨૦૧૫ **સ્થળ :** રાજપીપળા, જિ. નર્મદા

### (૧) પ્રસ્તાવના :

સને ૨૦૦૫થી દર વર્ષે અખાત્રિજના દિવસથી રાજય સરકારશ્રી તરફથી એક માસની સમયાવધિના રાજય વ્યાપી ભવ્ય કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. નવિનત્તમ કૃષિ ટેકનોલોજીને કૃષિ યુનિવર્સિટીઓની પ્રયોગશાળામાંથી ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલ કૃષિ વિકાસના આ મહા અભિયાનમાં દર વર્ષે કૃષિ જાગૃતિની સાથે સાથે રાજય સરકારશ્રીના વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો અને લોક કલ્યાણની યોજનાઓના નવા નવા પરિમાણોનો ઉમેરો થતો રહ્યો છે. કૃષિ સમૃધ્ધિ થકી આર્થિક સમૃધ્ધિના મહામંત્રની અવિરત આગેકૂચના ભાગ રૂપે ચાલુ વર્ષ ૨૦૧૫ દરમ્યાન રાજય સરકારશ્રી તરફથી તા.૨૧/૦૪/૨૦૧૫ થી ૧૦/૦૫/૨૦૧૫ (૨૦ દિવસ) સુધી ૧૧ માં કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું.

### (૨) માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં યોજાયેલ મેગા ઈવેન્ટ ઉદ્દઘાટન સમારોહ કાર્યક્રમ :

નવસારી કૃષિ યુનિવર્સિટી અને નર્મદા જિલ્લા વહિવટી તંત્રના સહયોગમાં કૃષિ મહોત્સવ–૨૦૧૫ અંતર્ગત દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમ તા.૨૬/૦૪/૨૦૧૫ને રવિવારના રોજ રાજપીપળા, જિ. નર્મદા ખાતે માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતીમાં યોજાયેલ હતો, જેની સંક્ષિપ્ત વિગત નીચે મુજબ છે.

- માન.મુખ્યમંત્રીશ્રીનું સવારના ૧૦.૦૦ કલાકે હેલીપેડ રાજપીપળા ખાતે આગમન.
- હેલીપેડથી સીધા મેગા ઈવેન્ટ પરિસરમાં પધારીને સૌપ્રથમ ગૌ પુજન કરીને ત્યારબાદ કૃષિમેળાને ખુલ્લો મુકી પ્રદર્શન સ્ટોલ્સની મુલાકાત લઈને કૃષિ વૈજ્ઞાનિકો અને સ્ટોલધારકો સાથે નવિન કૃષિ ટેકનોલોજી અંગે પૃચ્છા કરી હતી.
- સ્ટોલ્સની મુલાકાત બાદ સમારોહના ઉદઘાટક અને અધ્યક્ષ માન.મુખ્યમંત્રીશ્રી સવારના ૧૦.૨૫ કલાકે દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમના સભામંડપમાં પધાર્યા હતા. સ્ટેજ પર ઉપસ્થિત મહાનુભાવો/કલેકટરશ્રીએ માન.મુખ્યમંત્રીશ્રીનું કૃષિ પેદાશની ટોપલી આપીને સ્વાગત કર્યુ હતું. નવસારી કૃષિ યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી ડો. સી.જે.ડાંગરીયા તરફથી પણ કૃષિ પેદાશનો ઉપયોગ કરી તૈયાર કરવામાં આવેલ હાર પહેરાવી માન. મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.
- માન.મુખ્યમંત્રીશ્રી સાથે સભામંડપમાં નીચે દર્શાવેલ મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.
- ૧. શ્રી બાબુભાઈ બોખરીયા, માન.મંત્રીશ્રી, કૃષિ અને સહકાર, ગુજરાત રાજય

  ૨. શ્રી મનસુખભાઈ વસાવા, માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, આદિજાતી વિકાસ, ભારત સરકાર

  ૩. શ્રી મંગુભાઈ પટેલ, માન.મંત્રીશ્રી, વન અને પર્યાવરણ, ગુજરાત રાજય અને પ્રભારી મંત્રીશ્રી, નર્મદા જિલ્લો

  ૪. શ્રી ભરતસિંહ પરમાર, મહા મંત્રીશ્રી, પ્રદેશ ભાજપ

- ઉદ્‌ઘાટન સમારોહમાં માન.મુખ્યમંત્રીશ્રીએ ૧૦.૪૮ કલાકે મહાનુભાવોની ઉપસ્થિતીમાં દીપ પ્રાગટય કર્યુ હતું.
- દીપ પ્રાગટય બાદ પદાધિકારીઓ અને દક્ષિણ ગુજરાતના ૬ પ્રગતિશીલ ખેડૂતોએ તેઓએ કૃષિક્ષેત્રે કરેલ નોંધપાત્ર કામગીરીના પ્રતિક સાથે માન.મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યુ હતું.
- માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ૧૫ લાભાર્થીઓને યોજનાકીય સહાયના ચેક/મંજૂરીપત્ર એનાયત કરવામાં આવેલ હતા.
- માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા કૃષિક્ષેત્રે અને પશુપાલનક્ષેત્રે સિધ્ધિ હાંસલ કરનાર ૭ પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું.
- માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા કૃષિ લાઈબ્રેરી માટે ત્રણ ગ્રામ પંચાયતને કૃષિ સાહિત્ય એનાયત કરવામાં આવ્યું.
- નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલ ત્રણ બુકો, ૧૯ ફોલ્ડરો અને ખેડૂતોપયોગી વીસીડીઓનું માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.
- માન.મુખ્યમંત્રીશ્રીના કન્યા કેળવણી નિધી માટે પાંચ મહાનુભાવો દ્વારા ચેક અર્પણ કરવામાં આવ્યા.
- માન.મુખ્યમંત્રીશ્રીને નવસારી કૃષિ યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી ડો. સી.જે.ડાંગરીયા તરફથી સ્મૃતિચિન્હ અર્પણ કરવામાં આવ્યું.
- માન.મુખ્યમંત્રીશ્રીને નર્મદા જિલ્લા વહીવટી તંત્ર તરફથી સ્મૃતિચિન્હ અર્પણ કરવામાં આવ્યું.
- માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ઈ–રકતદાન અને M–મિત્ર@ નર્મદાનું લોન્ચીંગ કરવામાં આવ્યું.
- માન.મુખ્યમંત્રીશ્રીએ વિશાળ ખેડૂત ભાઈઓ અને બહેનોની જનમેદનીને ૪૦ મિનીટ સુધી સંબોધન કર્યુ હતું.
- કાર્યક્રમની આભારવિધિ શ્રી સંદિપકુમાર સાગલે, કલેકટરશ્રી, નર્મદાએ કરી હતી.
- માન.મુખ્યમંત્રીશ્રીના ઉદબોધન સમયે સભા મંડપની અંદર અને બહાર લગભગ ૧૩,૫૦૦ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોની ઉપસ્થિતી હતી.
- માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સ્ટેજ પરથી આગળના ગંતવ્ય સ્થાને જવા માટે બપોરના ૧૨.૦૬ કલાકે પ્રયાણ કર્યુ હતું.

## (૩) કૃષિમેળો અને પશુ આરોગ્ય મેળો :

દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમ અંતર્ગત તા.૨૬/૦૪/૨૦૧૫ અને તા.૨૭/૦૪/૨૦૧૫ એમ બે દિવસ માટે રાજપીપળા, જિ. નર્મદા ખાતે કૃષિમેળો અને પશુ આરોગ્ય મેળોનું આયોજન કરવામાં આવેલ હતું, જેની સંક્ષિપ્તમાં વિગત નીચે મુજબ છે.

### (૩.૧) કૃષિમેળો :

- કૃષિમેળાની તારીખ, સમય અને સ્થળ : તા. તા.૨૬/૦૪/૨૦૧૫ અને તા.૨૭/૦૪/૨૦૧૫ સવારના ૯.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક રાજપીપળા, જિ. નર્મદા
- કૃષિમેળામાં થીમ પ્રમાણે કુલ પાંચ ડોમમાં ૧૦'×૧૦' ની સાઈઝના કુલ ૧૫૦ સ્ટોલ્સ પ્રદર્શિત કરવામાં આવેલ હતા, જે પૈકી બે ડોમમાં ૩૦ સ્ટોલ્સ નવસારી કૃષિ યુનિવર્સિટી અને ૨૦ સ્ટોલ્સ ખેતીવાડી ખાતા/એન.જી.ઓ./જિલ્લાની અન્ય એજન્સીઓના હતા જયારે ત્રણ ડોમમાં ૯૦ સ્ટોલ પ્રાઈવેટ એગ્રો માર્કેટીંગ કરતી પાર્ટીઓના હતા.
- ઉપરોકત બે દિવસ દરમ્યાન ૯૦૦૦ ખેડૂતોએ કૃષિમેળાના પ્રદર્શન સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.

- નવસારી કૃષિ યુનિવર્સિટીના ૩૦ સ્ટોલ્સની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | કૃષિ ટેકનોલોજી | ટેકનોલોજી પ્રદર્શિત કરનાર યુનિટ/સબ યુનિટ/વિભાગ | સ્ટોલની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | નવસારી કૃષિ યુનિવર્સિટી–પરિચય | કુલસચિવશ્રી, નકૃયુ, નવસારી | 2 |
| ૨ | જમીન વિજ્ઞાન–સોઈલ હેલ્થ કાર્ડ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જમીન વિજ્ઞાન વિભાગ, નકૃયુ, નવસારી | 2 |
| ૩ | કૃષિમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી (ICT)નો ઉપયોગ | નિયામકશ્રી, આઈ.ટી., નકૃયુ, નવસારી | 1 |
| ૪ | બાગાયત : હાઈટેક હોર્ટિકલ્ચર, ફૂલો, પપૈયા, શાકભાજી, કંદમૂળ અને ઔષધિય પાકો | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | 5 |
| | લો–કોસ્ટ ગ્રીન હાઉસ | | |
| | ફોરેસ્ટ્રી : વન ઉછેર અને પેદાશો | | |
| | પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજીઃ મુલ્યવર્ધન | | |
| ૫ | કેળ : કલ્પતરૂ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન) અને આચાર્યશ્રી, અસ્પી બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી | 2 |
| ૬ | ઓર્ગેનીક ખેતી | પ્રાધ્યાપકશ્રી, અસ્પી બાગાયત મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | 2 |
| | કૃષિ પાકોમાં કીટક નિયંત્રણ | પ્રાધ્યાપકશ્રી, કૃષિ કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃ.મ., નવસારી | |
| | વનસ્પતિ રોગ નિયંત્રણ | પ્રાધ્યાપકશ્રી, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃ.મ., નવસારી | |
| ૭ | શેરડી : ટકાઉ ખેતીનો અભિગમ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શેરડી સંશોધન કેન્દ્ર,નકૃયુ, નવસારી | 2 |
| ૮ | કપાસ : નવી જાતો અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, અઠવા લાઈન્સ, સુરત | 2 |
| ૯ | ડાંગરની નવી ક્ષિતીજો અને મૂલ્યવર્ધન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી (વ્યારા સાથે સંકલન) | 2 |
| ૧૦ | નાગલી– મુલ્ય વૃધ્ધિ અને કુપોષણમાં મહત્વ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, નકૃયુ, વઘઈ, જિ.ડાંગ | 1 |
| ૧૧ | આદર્શ પશુપાલન | આચાર્યશ્રી, વનબંધુ વેટરીનરી કોલેજ, નકૃયુ, નવસારી | 2 |
| ૧૨ | જળ અને જમીન વ્યવસ્થાપન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), જળ અને જમીન વ્યસ્થાપન સંશોધન એકમ, નકૃયુ, નવસારી | 2 |
| ૧૩ | કૃષિ યાંત્રિકીકરણ અને સુધારેલ ખેત ઓજારો | પ્રાધ્યાપકશ્રી, કૃષિ ઈજનેરી વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | 1 |
| ૧૪ | કઠોળ પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કઠોળ), કઠોળ સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | 1 |
| ૧૫ | તેલિબીયાં પાકો : પીળુ સોનુ (મગફળી, દિવેલાં, ખરસાણી) | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, નાઈઝર સંશોધન કેન્દ્ર, નકૃયુ, વણારસી, તા.વાંસદા | |
| ૧૬ | જુવારની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નકૃયુ, અઠવા લાઈન્સ, સુરત | 1 |
| ૧૭ | મત્સ્યપાલન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), જળ અને જમીન વ્યસ્થાપન સંશોધન એકમ, નકૃયુ, નવસારી | 1 |
| ૧૮ | સફળ વાર્તા, કેવિકેની અસરો | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, દેડિયાપાડા | 1 |
| | | **યુનિવર્સિટીના કુલ સ્ટોલ્સ** | **30** |

## (૩.૨) પશુ આરોગ્ય મેળો :

તા.૨૬.૦૪.૨૦૧૫ના રોજ રાજપીપળા મુકામે આયોજીત થયેલ પશુ આરોગ્ય મેળામાં ગુજરાત રાજયના પશુપાલન વિભાગ અને વનબંધુ વેટરીનરી કોલેજ, નવસારીના તજજ્ઞો દ્વારા ભેંસમાં જડબામાં આવેલ કેન્સરની ગાંઠની શસ્ત્રક્રિયા, વાછરડા તેમજ ગાયમાં સારણગાંઠની શસ્ત્રક્રિયા, મેટલ ડીટેકટર દ્વારા ગાય તથા ભેંસના પેટમાં લોખંડની તપાસ, કૂતરામાં દાંતની શસ્ત્રક્રિયા, મોટા જાનવરોમાં આંખની શસ્ત્રક્રિયા, બળદમાં શીંગડાના કેન્સરની શસ્ત્રક્રિયા તથા તણછની શસ્ત્રક્રિયા કરવામાં આવેલ. આ ઉપરાંત પશુપાલન વિભાગ તેમજ વનબંધુ વેટરનરી કોલેજ દ્વારા વિવિધ પશુ પ્રદર્શન અને જાનવરોમાં અલ્ટ્રા સોનોગ્રાફીની મદદથી ગર્ભ નિરીક્ષણની માહિતી પ્રદર્શિત કરવામાં આવેલ હતી. પશુ આરોગ્ય મેળામાં કુલ નીચે જણાવેલ વિગતે ૧૦,૮૫૨ કેસોમાં સારવાર કરવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| ૧ | મેડીકલ સારવાર | ૯૦૭ |
| ૨ | સર્જરી (શસ્ત્રક્રિયા) | ૧૨૩ |
| ૩ | ખસીકરણ | ૩૨ |
| ૪ | વંધ્યત્વ નિવારણ અને ગાયનેકોલોજી | ૧,૩૪૫ |
| ૫ | કૃત્રિમ વીર્યદાન | ૧૮ |
| ૬ | કૃમિનાશક દવા | ૨,૧૦૩ |
| ૭ | ઘેટા અને બકરામાં રસીકરણ | ૬,૩૧૫ |
| | કુલ | ૧૦,૮૫૨ |

## માન.મુખ્યમંત્રીશ્રીની કૃષિમેળાની મુલાકાત દરમ્યાનના ફોટોગ્રાફસ













## માન.મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતીમાં યોજાયેલ દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમના ઉદ્દઘાટન સમારોહના ફોટોગ્રાફસ




















–:–:–:–:–:–:–:–:–:–:–